કાર્યપાલક ઈજનેર

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

સુરત મહાનગરપાલિકા,
સાઉથ ઝોન–બી(કનકપુર),
સ્વામિનારાયણ મંદિરની
બાજુમાં,કનકપુર, સુરત
FAX : 91-0261-2272147
PHONE : 6359905030

નં. સા.ઝોન–બી /ટેક/૫૦૮૭
તા. ૩૦/૦૯/૨૦૨૫

**પ્રતિ,**

.........................
.........................
.........................
.........................

**વિષયઃ– સાઉથઝોન–બી (કનકપુર) વિસ્તારનાં અલગ અલગ સ્થળો પર નગરપાલિકાના સમય દરમ્યાનના બિનવપરાશી પડેલ પાઈપો કોસાડ ખાતે આવેલ હાઈડ્રોલિક વિભાગના સ્ટોર ખાતે જમા કરાવવા બાબત.**

**મહાશય,**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સાઉથઝોન–બી (કનકપુર) વિસ્તારનાં અલગ અલગ સ્થળો પર નગરપાલિકાના સમય દરમ્યાનના બિનવપરાશી પડેલ પાઈપો કોસાડ ખાતે આવેલ હાઈડ્રોલિક સ્ટોર ખાતે જમા કરવાના કામે નીચે જણાવેલ વિગતોનું ભાવપત્રક નીચે સહી કરનારને **તા.૦૮/૧૦/૨૦૨૫** સમય સાંજે ૬:૦૦ કલાક સુધીમાં ઈ.એમ.ડી. ની રકમ રૂા. ૧૫,૦૦૦/– (ડી.ડી./ બેન્કર ચેક) સાથે અત્રેની કચેરીમાં મોકલવા ઘટતું કરશો.

| અ.નં. | કામનું નામ | પાઈપનો વ્યાસ | અંદાજીત જથ્થો | પ્રતિફેરા (જી.એસ.ટી. સાથે) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | સાઉથઝોન–બી (કનકપુર) વિસ્તારનાં અલગ અલગ સ્થળો પર નગરપાલિકાના સમય દરમ્યાનના બિનવપરાશી પડેલ પાઈપો કોસાડ ખાતે આવેલ હાઈડ્રોલિક વિભાગના સ્ટોર ખાતે જમા કરાવવાનું કામ. | ૨૫૦ મી.મી. | ૦૧ | | |
| | | ૩૦૦ મી.મી. | ૧૨ | | |
| | | ૩૫૦ મી.મી. | ૧૪ | | |
| | | ૪૫૦ મી.મી. | ૦૬ | | |
| | | ૬૦૦ મી.મી. | ૫૦ | | |
| | | ૭૦૦ મી.મી. | ૩૨ | | |
| | | કુલ પાઈપો | ૧૧૫ | | |

**શરતો :**

(૧) ઉપરોકત દર્શાવેલ કામ અલગ અલગ સ્થળો પરપડેલ પાઈપો ક્રેન/ હાઈડ્રા ધ્વારા ઉપાડી ટ્રકમાં ભરી હાઈડ્રોલિક વિભાગના કોસાડ ખાતેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે આવેલ પાઈપ સ્ટોર ખાતે જમા કરવાના રહેશે.

(૨) ઉપરોકત કામગીરીમાં જરૂરિયાત મુજબ લેબર રાખવાના રહેશે.

(૩) ઉપરોકત કામે ભાવો પ્રતિ ફેરા માટે આપવાના રહેશે.

(૪) આ કામે ટેન્ડરના ભાવો સર્વિસટેક્ષ તેમજ અન્ય લાગુ ટેક્ષ સહિતના ભાવો ભરવાના રહેશે.

(૫) ઈજારદારના કામદાર/કર્મચારીઓને કોઈ અકસ્માત થાય કે ઈજા થાય તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. આ કામગીરી માટે ઈજારદારે તમામ સલામતીના પગલાં લેવાના રહેશે.

(૬) સદર કામગીરી અત્રેની કચેરીના સંબંધિત આસી./જુની.ઈજનેરની દેખરેખ હેઠળ અને સૂચના મુજબ કરવાની રહેશે.

(૭) ઈજારદારે આ કામગીરી દરમ્યાન સ્થળ પર સાવચેતી સુચક બોર્ડ રાખવાનાં રહેશે.

(૮) ઉપરોકત કામગીરી સંપૂર્ણપણે જે તે ઈજારદારે કરવાની કરવાની રહેશે.

(૯) ઈજારદારોનાં વાહનને અકસ્માત થવાથી રાહદારી કે અન્ય નાગરિક કે તેની માલમિલકતને અકસ્માત થવાથી જે કંઈપણ નુકશાન થશે તેની સંપુર્ણ જવાબદારી જે તે ઈજારદારની રહેશે. જે બાબતે સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં કે કોઈપણ દર–દાવા ધ્યાને લેવામાં આવશે નહીં.તથા કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવામાં આવશે નહીં. મશીનરી ચલાવવા બાબતે આર.ટી.ઓ.ના નીતિનિયમ તથા અન્ય જે કોઈ કાર્યવાહી કે ટ્રાફિકના નિયમોનો અમલ કરવા સહિતની તમામ જવાબદારી ઈજારદારની રહેશે.

sd/-
કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન–બી(કનકપુર)
સુરત મહાનગરપાલિકા